# ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ
## સંચાલિત
## ગ્રામસેવા કેન્દ્ર ભાલેલ
## શતાબ્દી વર્ષ : ૨૦૧૯-૨૦૨૦
## અહેવાલ



### ➢ શતાબ્દી વર્ષ નિમિત્તે કાર્યક્રમ

ગ્રામસેવા કેન્દ્ર ભાલેલ ખાતે ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદનાં શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમ થયા જેની વિસ્તૃત માહિતી નીચે પ્રમાણે આપેલ છે.

### ➢ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી સંમેલન





- ❖ આ સંમેલનમાં વાલીઓને 'કિશોરીઓના ઉછેરમાં ધ્યાનમાં રાખવાની બાબતો'-વિષય પર ડૉ. લોપાબેને વાલીઓ સાથે સુંદર છણાવટથી વાતો કરી. ત્યાર બાદ વાલીઓ સાથે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રખાયો.
- ❖ વાલી સંમેલનમાં માતા-પિતાએ ભાગ લીધો.

  ભાગલેનાર કુલ વાલીઓની સંખ્યા- ૪૦૭



ભૂતપૂર્વ કાર્યકર વિદ્યાર્થી સંમેલન

- ગાંધી જયંતીની ઉજવણી..



અંબર કાંતણ યજ્ઞ

- સમૂહ પ્રાર્થના
- ગાંધીજીનું પ્રિય ભજન ‘વૈષ્ણવ જન......’
- ગાંધી પ્રસંગો, ગાંધી-ગીતોની રજૂઆત
- શાળાની મહાસફાઈ
- ગ્રામ સફાઈ-ભાલેલ ગામ
- અંબર કાંતણ યજ્ઞ
- ગાંધીવિચારની પરીક્ષાનું આયોજન

શતાબ્દી વર્ષ

- ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપના દિન નિમિત્તે

આજના દિવસે શ્રી શિ.ગો.પટેલ કન્યા વિદ્યાલય ભાલેલમાં શાળા પરિવારે સવારે ૦૭:૪૫ ગૂજરાત વિદ્યાપીઠનો ધ્વજ ફરકાવી પ્રતિજ્ઞા લેવામાં આવી. સંઘગાન ‘એક જ ડાળના પંખી....’ ગાયું. ત્યાર બાદ નીચે મુજબનાં કાર્ય કર્યા....




- શતાબ્દી વન નિર્માણ

❖ ગૂજરાત વિદ્યાપીઠનાં શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે અમારી શાળા-પરિવારના બધાજ સેવકો અને વિદ્યાર્થીઓ વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયા.

❖ શતાબ્દી વનમાં કુલ ૧૪૦ વૃક્ષોનું રોપણ થયું

❖ ૧૮/૧૦/૨૦ ૧૯ ના રોજ ભાલેલ ગામમાં ગ્રામસફાઈ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું

## ➢ ૨૬/૦૧/૨૦૨૦ પ્રજાસત્તાક દિનની ઉજવણી



**ધ્વજવંદન કાર્યક્રમ**

શ્રી શિ.ગો.પટેલ કન્યા વિદ્યાલયમાં શાળા -પરિવારનાં સેવક ગણ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી.........




- આજના દિવસે અમારી શાળાનાં વિદ્યાર્થીઓ અને સેવકગણે મતદાન જાગૃતિ અંગેની રેલી કાઢી તેનો પ્રચાર કર્યો.
- ભાલેલ ગામમાં ગ્રામ સફાઈનું આયોજન થયું



- ભાલેલ ગામની ગ્રામ સફાઇમાં જોડાયેલ ગ્રામસેવા કેન્દ્ર શ્રી શિ.ગો.પટેલ કન્યા વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ, સેવક ગણ અને આચાર્યાબેનશ્રી સુરુચિબેન........

## ➢ *ગાંધી નિર્વાણ દિન*

આજ રોજ  અમારી શાળામાં સાંજે પ્રાર્થનાસભાનું આયોજન થયું.



આ સભામાં ગાંધીગીતો,ગાંધી પ્રસંગો ગાંધીજીનું પ્રિય ભજન ‘વૈષ્ણવ જન.....’ ગાવાયું.

- શાળા પરિવારના બધા જ સેવકો તથા વિદ્યાર્થીઓએ બે મિનિટનું મૌનવ્રત પાળ્યું.

## ➢ સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમ..



❖ ગ્રામસફાઈ- ભાલેલ ગામમાં પ્લાસ્ટિક વીણીને ગ્રામપંચાયતને સોંપી પ્લાસ્ટિક મુક્ત ભારત અંગે રેલી કાર્યક્રમ થયો.

❖ ભાલેલ ગામમાં ખેડૂતોની મુલાકાત ગોઠવાઈ. તેમાં સજીવખેતી અંગેની માહિતી આપી.

- શતાબ્દી વર્ષ ઉજવણીનાં ભાગ રૂપે ભાલેલ, સુંદરણાં, વિશ્રામપુરા,શાહપુર અને શંકરપુરા-પાંચ ગામોમાં કાર્યક્રમ આપ્યા.જેમાં સમૂહ પ્રાર્થના,ગાંધી જીવનપ્રસંગો, અગિયાર મહાવ્રતોની સમજ, ગાંધી ગીતોની રજૂઆત થઈ.
- શ્રી સરદાર પટેલના જીવનદર્શનનું પ્રેરક પ્રદર્શન ગોઠવાયું.



પ્રા.શાળા શંકરપુરા

પ્રા.શાળા સુંદરણા





પ્રા.શાળા વિશ્રામપુરા



*પ્રા.શાળા શાહપુર*

**શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે જે શાળામાં ગયા તે શાળાનું નામ અને ભાગ લેનાર વિદ્યાર્થી-શિક્ષકોની કુલ સંખ્યા**

૧) પ્રા.શાળા શંકરપુરા=૬૩

૨) પ્રા.શાળા સુંદરણા=૪૫૦

૩) પ્રા.શાળા વિશ્રામપુરા=150

૪) પ્રા.શાળા શાહપુર=૨૫૧

૫) પ્રા.શાળા ભાલેલ=૫૦

## ➢ <u>ગ્રામ્ય જીવન શિક્ષણ શિબિર</u>

- લોકમિત્રા ઢેઢુંકીમાં ગ્રામ્ય જીવન શિક્ષણ શિબિરમાં કુલ ૬૭ વિદ્યાર્થીઓ અને ૦૪ શિક્ષકો જોડાયા.
- કબીરનાં દોહા શોધવાની રમત
- સમૂહ ભોજન
- કબીરનાં દોહા શોધી તેનો અર્થ શોધવો અને સમજવો.
- ‘ક’ શાળાનાં વિદ્યાર્થીઓએ પોતાની શિક્ષણ પદ્ધતિની સમજ આપી. તેમની પાસેથી નિર્ભયતાનાં પાઠ શીખ્યા.



રેપલીંગ/ Rapelling



આદરણીયશ્રી ચૈતન્યભાઈ અને ‘ક’શાળાનાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા

- ભાલેલનાં વિદ્યાર્થીઓ-શિક્ષકો રેપલીંગમાં રસ પૂર્વક જોડાયા.
- લાકડાંની ઘોડી પર ચાલવાના પ્રયત્નો થયા.

  આ શિબિરના બધા જ ખર્ચમાં વિદ્યાર્થીઓનું સ્વાલંબન રહ્યું.

- આદરણીય શ્રી ચૈતન્યભાઈનાં આયોજન મુજબ રામપરા ગામનાં જુદાં-જુદાં ૨૭ ઘરોમાં ૬૭ વિદ્યાર્થીઓ અને ૦૪ શિક્ષકોએ રાત્રી નિવાસ કર્યો. ગ્રામ્ય જીવન અને ગ્રામ્ય સંસ્કૃતિને સમજવાનો પ્રયત્નો કર્યો. ગ્રામ્ય જીવનની સાચી પરિસ્થિતિનો જાત અનુભવ લીધો. દરેક પરિવાર સાથે સમૂહ ભોજન અને સવારે સમૂહ નાસ્તો કર્યો.
- રામપરા ગામમાં રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ લોક-શિક્ષણનું કામ કર્યું.



રામપરા ગામનાં ગ્રામજનો સાથે ચર્ચા કરતા શિ.ગો.પટેલ કન્યા વિદ્યાલયનાં આચાર્યાબેનશ્રી સુરુચિબેન



રામપરા ગામથી ઢેઢુંકીગામ સુધી ખજાનની

- ચોબારી ગામનાં ૧૫ જુદાં-જુદાં ઘરોમાં રાત્રી નિવાસ કર્યો.
- ગ્રામ્ય સંસ્કૃતિનો અભ્યાસ કર્યો. રાત્રી ભોજન અને સવારના નાસ્તાનું આયોજન થયું.
- બધાએ કાઠ્યાવાડની મહેનનાગતિ માણી. આદરણીય શ્રી ચૈતન્યભાઈ, ‘ક’ શાળાનાં વિદ્યાર્થીઓ,લોકમિત્રાનાં સેવકો અને ગ્રામજનોનાં અમે ઋણી થયા....



રામપરા ગામમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ



## વાલીસ્નેહ મિલનો

-વાલી જાગૃતિ વીડિયો ફિલ્મ બતાવી.

- વિદ્યાર્થીઓ દ્વારા વાલી પૂજન
- વાલીઓ સાથે જુથ ચર્ચા
- સજીવ ખેતી પ્રચારપ્રસાર કાર્યક્રમ
- વિદ્યાર્થીઓ બનાવેલા ઉત્પાદનોનું વેચાણ-કાર્ય થયું.

શતાબ્દી વર્ષ

# આભાર